Paper Code – 4006

M.A. Sem – 3 GUJARATI (New Course)
Mar-Jun - 2021
ID 305 – ગાંધી સાહિત્ય (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) ગાંધીજી શું કેન્દ્રમાં રાખીને શિક્ષણ સાહિત્ય વિશે ચર્ચા કરી.
(A) માનવજીવન (B) પ્રકૃતિ (C) બ્રહ્માંડ (D) ત્રણેય

(૨) નીચેનામાંથી કયું પુસ્તક ગાંધીજી દ્વારા લખાયેલું છે.
(A) દિવ્યચક્ષુ (B) પરિત્રાણ (C) યુગવંદના (D) હિન્દ સ્વરાજ

(૩) 'છેલ્લો કટોરો' કાવ્ય કોને ધ્યાનમાં રાખી લખાયેલું છે.
(A) રવિશંકર મહારાજ (B) મહાત્મા ગાંધી (C) કાકાસાહેબ કાલેલકર (D) રવીન્દ્રનાથ ટાગોર

(૪) ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર' કયા કવિને કહયું છે.
(A) ઉમાશંકર જોશી (B) ઝવેરચંદ મેઘાણી (C) સુંદરમ્ (D) કૃષ્ણલાલ શ્રીધરાણી

(૫) કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'સપૂત' કાવ્યનો વિષય કયો છે.
(A) દાંડીકૂચ (B) હિંદ છોડો ચળવળ
(C) સાયમન પાછો જા આંદોલન (D) જલીયાવાલાં બાગનો હત્યાકાંડ

(૬) 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે' કાવ્ય પંકિત કયા કવિની છે.
(A) સુંદરમ્ (B) ઉમાશંકર જોશી (C) ઝવેરચંદ મેઘાણી (D) ગાંધીજી

(૭) નીચેનામાંથી ઉમાશંકરનો કાવ્યસંગ્રહ કયો છે.
(A) વિશ્વશાંતિ (B) કોયા ભગતની કડવી વાણી (C) છેલ્લો કટોરો (D) સપૂત

(૮) નીચેનામાંથી કયા સર્જકમાં ગાંધી પ્રભાવ વિશેષ જોવા મળે છે.
(A) નર્મદ (B) ગોવર્ધનરામ ત્રિપાઠી (C) ર.વ.દેસાઈ (D) સુરેશ જોષી

(૯) નીચેનામાંથી કયા સર્જક ગાંધીયુગના નથી.
(A) કૃષ્ણલાલ શ્રીધરાણી (B) ઝવેરચંદ મેઘાણી (C) ઉમાશંકર જોશી (D) રાવજી પટેલ

(૧૦) નીચેનામાંથી ર.વ.દેસાઈની નવલકથા કઈ છે.
(A) પૃથિવીવલ્લભ (B) ગ્રામલક્ષ્મી (C) કુસુમમાળા (D) આપની યાદી

(૧૧) નીચેનામાંથી ગાંધી પ્રભાવવાળું કાવ્ય કયું નથી.
(A) આપની યાદી (B) કોઈનો લાડકવાયો (C) છેલ્લો કટોરો (D) ફૂટપાથના સૂનારાં

(૧૨) 'માણસાઈના દીવા' કૃતિ કયા સર્જકની છે.
(A) ગાંધીજી (B) ઝવેરચંદ મેઘાણી (C) ઉમાશંકર જોશી (D) ચુનિલાલ મડિયા

(૧૩) નીચેનામાંથી કઈ નવલકથા મનુભાઈ પંચોળીની નથી.
(A) જનમટીપ (B) ઝેર તો પીધા છે જાણી જાણી (C) દીપનિર્વાણ (D) સોક્રેટીસ

(૧૪) નીચેનામાંથી કઈ નવલકથા પન્નાલાલ પટેલની છે.
(A) જનમટીપ (B) મારી હૈયાની સગડી (C) વળામણાં (D) ધીમુ અને વિભા

(૧૫) નીચેનામાંથી ગાંધીપ્રભાવ ધરાવનાર આત્મચરિત્ર લેખક કોણ છે.
(A) નર્મદ (B) ન્હાનાલાલ (C) મણિભાઈ દ્વિવેદી (D) ચં.ચી.મહેતા

(૧૬) નીચેનામાંથી ગાંધીયુગીન નાટ્યકારનું નામ આપો.
(A) રમણભાઈ નિલકંઠ (B) ધૂમકેતુ (C) મધુરાય (D) ચિનુ મોદી

(૧૭) 'જઠરાગ્નિ' કાવ્ય કયા કવિનું કાવ્ય છે.
(A) ઉમાશંકર જોશી (B) સુરેશ જોશી (C) ચિનુ મોદી (D) ગાંધીજી

(૧૮) 'સ્નેહરશ્મિ' તખ્ખલુસ ગાંધીયુગના કયા કવિનું છે.
(A) ઉમાશંકર જોશી (B) કિશોરલાલ મશરૂવાળા (C) ઝીણાભાઈ રતનજી દેસાઈ (D) રા.વી.પાઠક

(૧૯) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું તખ્ખલુસ શું છે.
(A) શેષ (B) સ્નેહરશ્મિ (C) દ્વિરેફ (D) ધૂમકેતુ

(૨૦) ગાંધીજીને મતે સાહિત્યનો વિષય કેવો હોવો જોઈએ.
(A) સામાન્ય માનવીનો (B) પ્રકૃતિ (C) ઐતિહાસિક (D) પૌરાણિક

(૨૧) ગાંધીજીના મતે સાહિત્યની ભાષા કેવી હોવી જોઈએ.
(A) વિદ્યાર્થી સમજી શકે તેવી (B) પાંડિત્યપૂર્ણ
(C) કોશિયો સમજી શકે તેવી (D) સાહિત્યને શોભે એવી

(૨૨) નીચેનામાંથી ગાંધીનજીનું કયું પુસ્તક નથી.
(A) સત્યના પ્રયોગો (B) હિન્દ સ્વરાજ (C) મારો જેલનો અનુભવ (D) સાગર અને શશી

(૨૩) ઝવેરચંદ મેઘાણીએ ગાંધીજીના જીવન પ્રસંગો ઉપર કયું કાવ્ય રચ્યું.
(A) માતા તારો બેટડો આવે (B) ફૂટપાથના સૂનારાં
(C) જઠરાગ્નિ (D) સપૂત

(૨૪) નીચેનામાંથી ગાંધીપ્રભાવની નવલકથા કઈ નથી.
(A) દીપનિર્વાણ (B) પાટણની પ્રભુતા (C) મળેલા જીવ (D) જનમટીપ

(૨૫) 'પરિત્રાણ' કેટલાં અંકનું નાટક છે.

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(૨૬) 'પરિત્રાણ'ની કથા શેના ઉપરથી લેવામાં આવી છે.

(A) રામાયણ (B) મહાભારત (C) ભગવાન પરશુરામ (D) ઉપનિષદ

(૨૭) ''પુત્ર! એક દિવસ તું જોઈશ કે મારી શીખ શાપ હતી કે સાન્ત્વના''– આ વાકય કોણ બોલે છે.

(A) દ્રોણાચાર્ય (B) ધૃતરાષ્ટ્ર (C) ગાંધારી (D) ભીષ્મ

(૨૮) 'પરિત્રાણ' શીર્ષક લેખકે કેમ આપ્યું.

(A) મહાભારત આધારિત હોવાથી (B) તેમાં યુદ્ધની વાત આવતી હોવાથી

(C) ભીષ્મની પ્રતિજ્ઞા હોવાથી (D) શ્રી કૃષ્ણની અવતાર પ્રતિજ્ઞા તેમાં પૂરી થતી હોવાથી

(૨૯) 'પરિત્રાણ' નાટકની ભજવણી કયા દિગ્દર્શક દ્વારા થઈ.

(A) માર્કંડ ભટ્ટ (B) પુરષોત્તમ ઉપાધ્યાય (C) ચં.ચી.મહેતા (D) મુકુલ ચોકસી

(૩૦) ગાંધીજી કયા સામયિકના તંત્રી પદે રહયાં હતા.

(A) પરબ (B) બુધ્ધિપ્રકાશ (C) નવજીવન (D) શબ્દસૃષ્ટિ

(૩૧) 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના ગાંધીજીએ કયારે કરી હતી.

(A) ઈ.સ.૧૯૨૦ (B) ઈ.સ.૧૯૧૫ (C) ઈ.સ.૧૯૨૨ (D) ઈ.સ.૧૯૨૪

(૩૨) નીચેનામાંથી કયા ગાંધીવિચારો સાહિત્યની વિષય સામગ્રી પૂરી પાડે છે ?

(A) ગ્રામોધ્ધાર (B) અસ્પૃશ્યતા નિવારણ (C) અહિંસા, સત્ય (D) આ તમામ

(૩૩) 'યુગવંદના'ની કઈ કવિતામાં રાષ્ટ્રીય અસ્મિતાનું આલેખન નથી.

(A) કોઈનો લાડકવાયો (B) છેલ્લો કટોરો (C) છેલ્લી પ્રાર્થના (D) કોદાળીવાળો

(૩૪) 'શિવાજીનું હાલરડું'માં મુખ્યત્વે કઈ ભાવના વ્યકત થાય છે.

(A) વીરત્વ (B) વાત્સલ્ય (C) પ્રણય (D) કરુણ

(૩૫) રંજન, પુષ્પા કઈ નવલકથાના પાત્રો છે.

(A) ગ્રામલક્ષ્મી (B) કોકિલા (C) ભારેલો અગ્નિ (D) દિવ્યચક્ષુ

(૩૬) ગાંધીજી ઉપર કયા સાહિત્યકારના વિચારોનો પ્રભાવ હતો.

(A) શેકસપિયર (B) રસ્કિન (C) મેથ્યુ આર્નોલ્ડ (D) કોલરિજ

(૩૭) ટોલ્સટોયના વિચારોનો પ્રભાવ કયા નામે ઝીલાયો.

(A) સર્વોદય (B) સમાજ ઉત્કર્ષ (C) સમતા (D) જનસેવા

(૩૮) 'જલિયાવાલા બાગ' એ કયા કવિનું કાવ્ય છે.

(A) સુંદરમ (B) ર.વ.દેસાઈ (C) સ્નેહરશ્મિ (D) ઉમાશંકર જોશી

(૩૯) ગાંધીજીએ કયા કવિને 'રાષ્ટ્રીય શાયર' કહયાં.

(A) મૈથીલીશરણ ગુપ્ત (B) રવીન્દ્રનાથ ટાગોર (C) ઝવેરચંદ મેઘાણી (D) પ્રેમચંદ

(૪૦) 'હું માનવી માનવ થાઉ તો ઘણું' પંકિત કયા કવિની છે.

(A) સુંદરમ (B) ઝવેરચંદ મેઘાણી (C) ઉમાશંકર જોશી (D) પ્રહલાદ પારેખ

(૪૧) ગાંધીજીના દાદાનું નામ શું હતું ?

(A) ઉત્તમચંદ ગાંધી (B) કબા ગાંધી (C) તુલસીદાસ ગાંધી (D) રમણલાલ ગાંધી

(૪૨) ગાંધી વિચારધારા અપનાવનારામાં કોનો સમાવેશ નહીં થાય.

(A) મહાદેવભાઈ દેસાઈ (B) કિશોરલાલ મશરૂવાળા (C) દલપતરામ (D) વિનોબા ભાવે

(૪૩) 'યુગમૂર્તિ વાર્તાકાર' કયા સર્જકને આ બિરુદ મેળ્યું.

(A) ર.વ.દેસાઈ (B) કનૈયાલાલ મુનશી (C) પન્નાલાલ પટેલ (D) ધૂમકેતુ

(૪૪) ગાંધીજીના જીવન પર કોનો પ્રભાવ ઝીલાયો છે.

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) શ્રીમદ્ રાજચંદ્ર (C) ટોલ્સટોય (D) ત્રણેય મહાપુરુષોનો

(૪૫) ગાંધીજી કયા નાટકથી સત્યપ્રિયતા તરફ વળે છે.

(A) હરિશ્ચંદ્ર (B) અન ટુ ધિસ લાસ્ટ (C) સપૂત (D) પુનર્જન્મ

(૪૬) ૧૯૩૦માં ગાંધીજી અંગ્રેજો સામે કઈ લડત ઉપાડે છે.

(A) દાંડીકૂચ (B) અંગ્રેજો હિંદ છોડો (C) સાયમન પાછો જા (D) સત્યાગ્રહ

(૪૭) 'યુગવંદના' કાવ્યસંગ્રહમાં પ્રથમ કાવ્ય કયું છે.

(A) છેલ્લો કટોરો (B) કોઈનો લાડકવાયો (C) કસુંબીનો રંગ (D) છેલ્લી સલામ

(૪૮) ગાંધીજીને સંબોધીને મેઘાણીએ કયું કાવ્ય રચ્યું.

(A) કોઈનો લાડકવાયો (B) ભીરુ (C) વિદાય (D) છેલ્લો કટોરો

(૪૯) 'સત્યના પ્રયોગો'માં નીચેનામાંથી કયા મહાપુરુષનું વ્યકિતચિત્ર આલેખાયું નથી.

(A) સરદાર પટેલ (B) શ્રીમદ્ રાજહંસ (C) લોકમાન્ય ટિળક (D) નારાયણ હેમચંદ્ર

(૫૦) 'દિવ્યચક્ષુ'નો પ્રવેશક કયા સાહિત્યકારે લખેલ છે.

(A) ઉમાશંકર જોશી (B) રા.વી.પાઠક (C) બ.ક.ઠાકોર (D) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી